# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

******************************************************

1. **દ્વિપક્ષિય સંબંધોને નવા શિખરે પહોંચાડવા આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઇટાલીના પીએમ મેલોની વચ્ચે વાતચિત**
2. **સિઓલમાં સંરક્ષણમંત્રી રાજનાથ સિંહની ઉપસ્થિતીમાં દક્ષિણ કોરિયા સાથે સંરક્ષણ સહિતના ક્ષેત્રોમાં સમજૂતીના કરાર પર હસ્તાક્ષર**
3. **બાંગ્લાદેશના ચટ્ટોગ્રામમાં ભારતના સહાયક ઉચ્ચ આયોગના સુરક્ષા પ્રોટોકોલ અધિકારી મૃત હાલતમાં મળ્યા**
4. **વર્તમાન વૈશ્વિક સ્થિતિ વચ્ચે આજે બેઇજીંગમાં પુતિન અને જીનપિંગ વચ્ચે બેઠક યોજાઇ**
5. **ભારતીય શેરબજારમાં ઘટાડાનું વલણ**
6. **IPL ક્રિકેટમાં આજે કોલકાતા નાઈટ રાઈડર્સનો મુકાબલો મુંબઈ ઈન્ડિયન્સ સામે કોલકાતામાં થશે**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-MELONI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે તેઓ આજે ઇટાલિયન સમકક્ષ જ્યોર્જિયા મેલોની સાથેની મુલાકાત માટે આતુર છે. તેમણે આશા વ્યક્ત કરી કે તેમની વચ્ચેની વાતચીત ભારત-ઇટાલી સંબંધોને મજબૂત બનાવવા પર કેન્દ્રિત રહેશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે રોમ પહોંચ્યા પછી, તેમને રાત્રિભોજન પર પ્રધાનમંત્રી મેલોનીને મળવાની તક મળી, ત્યારબાદ પ્રતિષ્ઠિત કોલોસિયમની મુલાકાત લીધી. તેમણે કહ્યું કે બંને નેતાઓએ વિવિધ વિષયો પર દ્રષ્ટિકોણનું આદાન-પ્રદાન કર્યું. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે આજની વાતચીત ભારત-ઇટાલી મિત્રતાને મજબૂત બનાવવા માટેની વાતચીત ચાલતી રહેશે..

દરમિયાન, બીજી પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ ગઈકાલે સાંજે રોમમાં ઉષ્માભર્યા સ્વાગત માટે ઇટાલીમાં ભારતીય સમુદાયનો આભાર માન્યો. શ્રી મોદીએ કહ્યું કે ભારત પ્રત્યેનો તેમનો અપાર પ્રેમ અને ભારત-ઇટાલી સંબંધોને મજબૂત કરવા માટેની પ્રતિબદ્ધતા પ્રશંસનીય છે. તેમણે ઉમેર્યું કે, ભારતીય ડાયસ્પોરા સમગ્ર વિશ્વમાં રાષ્ટ્રને ગૌરવ અપાવી રહ્યું છે.

# ARTICLE INDIA-ITALY PMs

તાજેતરના વર્ષોમાં ભારત-ઇટાલી સંબંધો અભૂતપૂર્વ ગતિએ વિસ્તર્યા છે અને હવે તે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના ઇટાલીના સમકક્ષ જ્યોર્જિયા મેલોની દ્વારા લખાયેલા સંયુક્ત લેખમાં, બંને નેતાઓએ ભાર મૂક્યો હતો કે દેશો વચ્ચેના સંબંધો સૌહાર્દપૂર્ણ મિત્રતામાંથી એક ખાસ વ્યૂહાત્મક ભાગીદારીમાં વિકસિત થયા છે, જે સ્વતંત્રતા, લોકશાહી અને ભવિષ્ય માટે એક સહિયારા દ્રષ્ટિકોણને ચરિતાર્થ કરે છે. બંને નેતાઓએ નોંધ્યું હતું કે જ્યારે વૈશ્વિક વ્યવસ્થામાં પરિવર્તન આવી રહ્યું છે, ત્યારે ભારત-ઇટાલી ભાગીદારી ઉચ્ચતમ રાજકીય અને સંસ્થાકીય સ્તરે પહોંચી રહી છે. તેમણે કહ્યું કે ભાગીદારી બંને રાષ્ટ્રોની આર્થિક ગતિશીલતા, સામાજિક સર્જનાત્મકતા અને સદીઓ જૂની સભ્યતાને જોડીને એક નવું પરિમાણ પ્રાપ્ત કરી રહી છે.

બંને નેતાઓએ કહ્યું કે તેમનો સહયોગ એક સહિયારી સમજણને પ્રતિબિંબિત કરે છે કે 21મી સદીમાં સમૃદ્ધિ અને સુરક્ષા રાષ્ટ્રોની નવીનતા, ઊર્જા સંક્રમણોનું સંચાલન અને વ્યૂહાત્મક સાર્વભૌમત્વને મજબૂત કરવાની ક્ષમતા પર આધારિત રહેશે.

બે રાષ્ટ્રીય દૈનિકોમાં પ્રકાશિત લેખમાં, નેતાઓએ નવા લક્ષ્યોને અનુસરીને અને પૂરક શક્તિઓનો ઉપયોગ કરીને દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ અને વૈવિધ્યસભર બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# RAJNATH - SOTH KOREA

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આજે સિઓલમાં તેમના દક્ષિણ કોરિયન સમકક્ષ આહ્ન ગ્યુ બેક સાથે મુલાકાત કરી. આ મુલાકાત દરમિયાન, તેમણે ભારત-દક્ષિણ કોરિયા સંરક્ષણ, સંરક્ષણ ઉદ્યોગ અને વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવવાપર ચર્ચા કરી. બંને દેશો વચ્ચે  પ્રાદેશિક શાંતિ, સ્થિરતા અને ટેકનોલોજીકલ સહયોગ પ્રત્યે સહિયારા પ્રયાસો અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સિંહે જણાવ્યું હતું કે, આ એક ખૂબ જ ફળદાયી બેઠક હતી .ભારત અને દક્ષિણ કોરિયાએ સંરક્ષણ સાયબર સહયોગને પ્રોત્સાહન આપવા પર કરારોનું આદાનપ્રદાન કર્યું હતું. આ સમજૂતી કરારનું આદાનપ્રદાન ભારતની રાષ્ટ્રીય સંરક્ષણ કોલેજ, કોરિયા રાષ્ટ્રીય સંરક્ષણ યુનિવર્સિટી અને યુએન શાંતિ રક્ષા સહકાર વચ્ચે થયું હતું. અગાઉ  શ્રી સિંહે કોરિયાના રાષ્ટ્રીય કબ્રસ્તાનમાં પુષ્પાંજલિ અર્પણ કરી અને તેમના રાષ્ટ્રની સેવામાં સર્વોચ્ચ બલિદાન આપનારા બહાદુર સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પી.

# BANGLADESH DEATH

બાંગ્લાદેશમાં, ચટ્ટોગ્રામમાં ભારતના સહાયક ઉચ્ચ આયોગના એક સહાયક સુરક્ષા પ્રોટોકોલ અધિકારી ખુલશી વિસ્તારમાં મિશન પરિસરમાં મૃત હાલતમાં મળી આવ્યા છે. પોલીસે જણાવ્યું હતું કે આ ઘટના ગઈકાલે સવારે બની હતી. મૃતકની ઓળખ 35 વર્ષીય નરેન્દ્ર તરીકે થઈ છે, જે ભારતના હરિયાણાનો રહેવાસી હતો અને મિશનમાં ફરજ બજાવતો હતો.

પોલીસ કમિશનર હસન મોહમ્મદ શૌકત અલીએ જણાવ્યું હતું કે પ્રારંભિક તપાસ દરમિયાન કોઈ સ્પષ્ટ અસામાન્યતા મળી નથી. તેમણે ઉમેર્યું હતું કે શબપરીક્ષણ અહેવાલ પછી મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે.

ભારતીય સહાયક ઉચ્ચ આયોગ મૃતદેહને સ્વદેશ મોકલવાની વ્યવસ્થા કરવા માટે પરિવારના સંપર્કમાં છે.

# CHINA-XI-PUTIN-TALKS

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આજે બેઇજિંગમાં દ્વિપક્ષીય સંબંધો અને ઈરાન, યુક્રેન સંઘર્ષ અને આંતરરાષ્ટ્રીય વેપાર સહિતના મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી.

ચીનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ વાટાઘાટો બેઇજિંગ અને મોસ્કો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવશે અને સંયુક્ત રાષ્ટ્ર, SCO અને BRICS જેવા મંચો દ્વારા સંકલન વધારશે. બંને રાષ્ટ્રોએ વેપાર, ઊર્જા અને સુરક્ષામાં વધતા સહયોગ પર પણ પ્રકાશ પાડ્યો હતો, જેમાં દ્વિપક્ષીય વેપાર 200 અબજ યુએસ ડોલરને વટાવી ગયો છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર શી સાથે ચર્ચા માટે ચીનની મુલાકાત લીધી તેના થોડા સમય બાદ આ બેઠક થઈ હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MARCO RUBIO INDIA VISIT

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો 23 મેથી ભારતની ચાર દિવસની મુલાકાતે આવશે. આ તેમની ભારતની પ્રથમ મુલાકાત હશે. અમેરિકાના વિદેશ વિભાગે જાહેરાત કરી કે, રૂબિયો કોલકાતા, આગ્રા, જયપુર અને નવી દિલ્હી જશે. જ્યાં તેઓ વરિષ્ઠ ભારતીય અધિકારીઓ સાથેની બેઠકો દરમિયાન ઊર્જા, સુરક્ષા, વેપાર અને સંરક્ષણ સહયોગ અંગે ચર્ચા કરશે.

નવી દિલ્હીમાં અમેરિકન દૂતાવાસે જણાવ્યું કે, સેક્રેટરી રુબિયો નવી દિલ્હીમાં 26 મેના રોજ યોજાનાર  ક્વાડ જૂથની બેઠકમાં હાજરી આપશે. ક્વાડ જૂથમાં ઓસ્ટ્રેલિયા, જાપાન અને અમેરિકા સામેલ છે.

ભારત આવતા અઠવાડિયે ક્વાડ વિદેશમંત્રીઓની બેઠકનું આયોજન કરવા માટે તૈયાર છે. વિદેશમંત્રી એસ જયશંકર આ બેઠકની અધ્યક્ષતા કરશે.

# PUTIN - DELHI BRICS

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન આ વર્ષે નવી દિલ્હીમાં ભારતના અધ્યક્ષતામાં યોજાનારી બ્રિક્સ સમિટમાં હાજરી આપશે તેવી પુષ્ટિ ક્રેમલિન દ્વારા આપવામાં આવી છે. દક્ષિણ આફ્રિકામાં રશિયન દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક સંદેશમાં કહ્યું કે, શ્રી પુતિન 12 થી 13 સપ્ટેમ્બર દરમિયાન સમિટમાં હાજરી આપશે.

ઉલ્લેખનીય છે કે, એક વર્ષથી ઓછા સમયમાં શ્રી પુતિનની આ બીજી ભારત મુલાકાત હશે. તેઓ ગયા વર્ષે ડિસેમ્બરમાં યોજાયેલા 23મા ભારત-રશિયા વાર્ષિક સમિટ માટે નવી દિલ્હીમાં આવ્યા હતા.

# PUNJAB DRUGS

પંજાબ પોલીસે દુબઈ સ્થિત એક આંતરરાષ્ટ્રીય ડ્રગ દાણચોરી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે .અબુ ધાબીથી સરહદી રાજ્ય પંજાબ અને રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં માદક દ્રવ્યોની હેરફેર કરવા માટે નેટવર્ક કાર્યરત હતું. આ કાર્યવાહી હાથ ધરનાર અમૃતસર કમિશનરેટ પોલીસે 10 કિલો મેથામ્ફેટામાઇન અને 4 કિલો હેરોઇન સાથે બે ડ્રગ દાણચોરોની ધરપકડ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીઓમાંથી એક તાજેતરમાં જ દુબઈથી કથિત રીતે તાલીમ લીધા બાદ અને પંજાબના વિવિધ જિલ્લાઓમાં માદક દ્રવ્યોની સપ્લાય કરવા માટે હેરોઇન અને ICE ના કન્સાઇનમેન્ટનું કામ સોંપ્યા બાદ પરત ફર્યો હતો. વધુ તપાસ ચાલી રહી છે.

# VP - KHANDURI

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને આજે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મેજર જનરલ બી. સી. ખંડુરીને દેહરાદૂન સ્થિત તેમના નિવાસસ્થાને શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે તેમને એક અસાધારણ નેતા, એક પ્રતિષ્ઠિત સૈનિક અને એક અનુભવી પ્રશાસક તરીકે યાદ કરવામાં આવશે જેમણે પોતાનું જીવન રાષ્ટ્ર અને તેના લોકોની સેવામાં સમર્પિત કર્યું.

# STOCK 1100

ભારતીય શેર બજારમાં નબળા વૈશ્વિક સંકેતો, ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને ઇરાન અંગે નવી ભૂ-રાજકીય ચિંતાઓ વચ્ચે આજે શરૂઆતના વેપારમાં સ્થાનિક ઇક્વિટી સૂચકાંકોમાં  ઘટાડો થયો હતો. સેન્સેક્સમાં 100 પોઈન્ટથી વધુ અને નિફ્ટીમાં 20 થી વધુ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો.

# IPL

IPL ક્રિકેટમાં આજે કોલકાતા નાઈટ રાઈડર્સનો મુકાબલો મુંબઈ ઈન્ડિયન્સ સામે થશે. આ મેચ કોલકાતામાં સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

ગઇકાલે રાજસ્થાન રોયલ્સે લખનૌ સુપર જાયન્ટ્સને 7 વિકેટથી હરાવ્યું. આ જીત સાથે રાજસ્થાનની પ્લેઓફમાં પહોંચવાની શક્યતા જીવંત રહી. લખનૌ સુપર જાયન્ટ્સે નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 220 રન બનાવ્યા. જેમાં મિશેલ માર્શે 96 અને જોશ ઇંગ્લિસે 60 રન બનાવ્યા. રાજસ્થાન રોયલ્સ તરફથી યશ રાજ પુંજાએ બે વિકેટ ઝડપી. જવાબમાં રાજસ્થાન રોયલ્સે 5 બોલ બાકી રહેતા 7 વિકેટ ગુમાવીને 221 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો. જેમાં વૈભવ સૂર્યવંશીએ 93, ધ્રુવ જુરેલે 53 અને કેપ્ટન યશસ્વી જયસ્વાલે 43 રનનું યોગદાન આપ્યું. વૈભવ સૂર્યવંશીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

# WEATHER

ભારતીય હવામાન વિભાગએ આજે દિલ્હી, પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં તીવ્ર ગરમીના મોજાની સ્થિતિ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. હવામાન એજન્સીએ દિવસ દરમિયાન ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને વિદર્ભમાં રેડ એલર્ટ જારી કર્યું છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, દક્ષિણપશ્ચિમ બિહાર, છત્તીસગઢ, તેલંગાણા, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, યાનમ, મરાઠાવાડા અને ઓડિશામાં આગામી બે દિવસ સુધી ગરમીના મોજાની સ્થિતિ રહેવાની અપેક્ષા છે.

# CHINA-RAINS

ચીનના અનેક ભાગોમાં ભારે વરસાદ અને પૂરથી વિનાશ સર્જાયો છે, જેમાં અત્યારે સુધી 12 લોકોના મોત થયા છે અને ઘણા ગુમ થયા છે. રાજ્ય મીડિયા અહેવાલો અનુસાર સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં હુનાન, હુબેઈ અને ગુઇઝોઉ પ્રાંતનો સમાવેશ થાય છે.